ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,

ગાંધીનગર -૩૮૨૦૧૦.

Email ID: sok51343@gmail.com

તાત્કાલિક

પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૨૨૦૨૪/e-૨૭૯૮/ક

તારીખ:૩૦/૦૪/૨૦૨૫

પ્રતિ,

નિયામકશ્રી,

પ્રાથમિક શિક્ષણની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,

ગાંધીનગર- ૩૮૨૦૨૧

**વિષય :** કચ્છ જિલ્લામાં સરકારી પ્રાથમિક શિક્ષકોની ઘટ હોવાથી કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની ખાસ ભરતીના આયોજન બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તારીખ:૩૦/૧૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક : DPE/NITI/e-file/105/2024/6879/K-NITI થી કરેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે કચ્છ જીલ્લામાં 'સ્પેશિયલ ભરતી' તરીકે નિમ્ન પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૫) માં અગાઉ મળેલ ૫૦૦૦ વિદ્યાસહાયકની મંજૂરી સિવાય વધારાની ૨૫૦૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા તેમજ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો. ૬ થી ૮) માટે અગાઉ મળેલ ૭૦૦૦ વિદ્યાસહાયકની ભરતીની મંજૂરી અન્વયેની **જાહેરાત પૈકી** કચ્છ જિલ્લા માટે ૧૬૦૦ જગ્યાઓની ભરતી કરવા **નીચેની** શરતોને આધીન આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે, જે અન્વયે આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા વિનંતી છે.

૧. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા કચ્છ જિલ્લા માટે જિલ્લા શિક્ષણ સમિતિ પાસે અલગથી માંગણાપત્રક મંગાવી માત્ર કચ્છ જિલ્લા માટે જ વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત આપવાની રહેશે.

૨. આ જગ્યાઓ ઉપર નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારે ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા આપવામાં આવેલ જાહેરાત અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ, કચ્છ દ્વારા નિમણૂંક આપવામાં આવે તો **સમગ્ર નોકરી દરમ્યાન કચ્છ જિલ્લામાં જ ફરજ બજાવવાની રહેશે.** આવા વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાતમાં તથા નિમણૂંકના હુકમમાં આ શરતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

૩. આ ભરતી અંતર્ગત નિમણૂક પામેલ વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવ અને તે અંતર્ગતના સુધારા ઠરાવોથી નિયત થયેલ બદલી નિયમોના વધઘટ બદલી અને જિલ્લા આંતરિક બદલી તેમજ વહીવટી બદલી સિવાયની અન્ય કોઇ બદલીની જોગવાઇ લાગુ પડશે નહી.

૪. રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂક કરતી વખતે શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ અને આનુષાંગિક ઠરાવથી નિયત થયેલ જોગવાઇઓ આ વિદ્યાસહાયકોને લાગુ પડશે.

આપનો વિશ્વાસુ,

(આર. આર. ઠાકોર)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

નકલ સવિનય રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર